## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ટાઢ ન વાય એનો એક જ ઉપાય... ઓછી હોય ત્યારે સાબુથી નહાવાનું છોડી દેવું... વધે ત્યારે પાણીથી...!! હું પણ એમ જ કરું છું...!!

# સેક્ટર-૨૨માંથી ઝૂંપડાના ૧૮ દબાણો દૂર કરાયા

## સેક્ટર-૨૧ શાકમાર્કેટ વિસ્તારમાંથી પણ પાથરણાવાળાને દૂર કરાયા

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન આજે સે. ૨૧ અને સે. ૨૨માંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સે. ૨૨માં ઝુંપડાના ૧૮ દબાણો દૂર કરાયા હતા. જ્યારે સે. ૨૧ના શાકમાર્કેટ વિસ્તારમાંથી પણ પાથરણા તેમજ લારી ગલ્લાના દબાણો દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

શહેરને સ્માર્ટ સીટી બનાવવાની વાતો વચ્ચે દબાણ, ગંદકી અને પાર્કીંગ સહીતની જટીલ સમસ્યાઓ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. શહેરના સેક્ટરોમાં વધતા દબાણો દૂર કરવા તંત્ર માટે જાણે ચેલેન્જરૂપ બની ગયું છે. દબાણો દૂર કરવાની ઝુંબેશ અનેકવાર નાટકીય પુરવાર થઈ છે. હાલ છેલ્લા ચાર દિવસથી સેક્ટરોમાંથી ઝુંપડા દૂર કરવા તંત્રની ટીમ કામે લાગી છે. અગાઉ સે. ૨૦ અને સે. ૩૦માંથી ૮૨ ઝુંપડાઓ દૂર કરવામાં આવ્યા હતા. જ્યારે આજે સે. ૨૨માં તંત્રની ટીમ દ્વારા ઝુંપડાના દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સે. ૨૨માંથી આજે





ઝુંપડાના ૧૮ દબાણો દૂર કરાયા હતા. આગામી દિવોસમાં અન્ય સેક્ટરોમાં પણ દબાણની કામગીરી ચાલુ રહેશે. આ ઉપરાંત સે. ૨૧ શાકમાર્કેટ વિસ્તારમાંથી પણ આડશ થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં શાકમાર્કેટના વિસ્તારમાં પાથરણાવાળા, ઉપરાંત વેપારીઓ દ્વારા માર્કેટના ઓટલાઓને અડીને બાંધવામાં આવેલ તાડપત્રીઓ પણ દબાણતંત્ર દ્વારા ખેંચી નાંખવામાં આવી હતી. સે. ૨૧ના શાકમાર્કેટમાં દબાણોના અડ્ડાથી ત્રસ્ત વેપારીઓ અને મુલાકાતીઓ પણ તોબા પોકારી ગયા છે. વારંવાર દબાણો દૂર કરવા છતાં યથાસ્થિતિએ ગોઠવાઈ જાય છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં ટ્રાફિક પોલીસે બોલાવેલી ઘોંસને પગલે હવે વાલીઓને સવારે શાળામાં બાળકોને મુકવા જવું પડે છે.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા ગંભીર બની રહી છે. દબાણ શાખાએ શહેરમાં તેની ઝુંબેશમાં એક ઢોરવાડો પણ દૂર કર્યાની વાત બહાર આવી છે.
- સે. ૧માં ગાયત્રી મંદિર ખાતે ૧૯મીથી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર શહેરમાં બે જ દિવસ બાદ પુનઃ ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે.
- ફિલ્મ સ્ટાર દિપીકા પાદુકોણ અને રણવીરસિંહ ગઈકાલે ગાંધીનગરના અતિથિ બન્યા હતા.
- કલોલ તાલુકાના રાંચરડા ગામના સરપંચ દ્વારા ૪ માસ સુધી પંચાયતની સભા ન બોલાવતાં ૫૭(૧)ની નોટીસ જિલ્લાતંત્રએ સરપંચને આપી છે.

## સાદરાની શારીરિક શિક્ષણ મહા વિદ્યાલય ખાતે કબડ્ડી અને વોલીબોલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

પૂજ્યશ્રી મોટા પ્રેરિત મહાજન શક્તિદળ રાજપીપળા અને અમદાવાદ સંસ્થા દ્વારા તા. ૨૦મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લાના સાદરાની મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય ખાતે કબડ્ડી અને વોલીબોલ સ્પર્ધા યોજાશે.

આ બન્ને સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી ૧૦ ખેલાડીઓની મહિલા ટીમે ટીમ દિઠ રૂ. ૧૦૦ એન્ટ્રી ફી ભરવાની રહેશે અને પોતાની અરજી તા. ૧૬મી ડિસમ્બર ૨૦૧૫ સુધીમાં સ્નેહાબેન પટેલ, ૨૨, મધુવન સોસાયટી, ઈન્ડિયન બેંક સામે નારણપુરા અમદાવાદ, મો. નં. ૯૪૨૮૬-૦૨૬૨૨ અથવા ડૉ. જગદીશચંદ્ર સાવલિયા મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા, મો. નં. ૯૪૨૭૭-૧૪૨૨૩ પર મોકલી આપવાની રહેશે. દસ ખેલાડીઓની એક ટીમ મેનેજર/ કોચ કુલ ૧૧ સભ્યોને એક તરફનું એસટી. ભાડુ તથા જમવાની વ્યવસ્થા વ્યવસ્થાપક કમિટિ તરફથી કરવામાં આવશે. જે સંસ્થાની લેખિત એન્ટ્રી સમયસર મળી હશે તે જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. તેમ મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના પ્રો. જમનાદાસ સાવલિયાએ જણાવ્યું હતું.

## માણસા રાજપૂત સમાજ ખુબ જ જાગૃત છે : સજ્જનસિંહ ચાવડા

ગાંધીનગર, તા. ૧૧

માણસા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા સજ્જનસિંહ ચાવડાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૧ સમો તાલુકા પંચાયત સીટના પરાજીત ઉમેદવાર જયદિપસિંહ શિવાજી ચાવડાએ છેલ્લા એક અઠવાડિયાથી રાજપૂત સમાજના નામે જે વાતો ઉપજાવી છે તે સત્યથી તદ્દન વેગળી છે. કોંગ્રેસ પક્ષે રાજપૂત સમાજને પ્રમુખ સ્થાનનો હોદ્દો આપવાનું કમિટમેન્ટ કર્યું નથી. ૩૭ માણસા વિધાનસભાનો રાજપુત સમાજ ખુબજ જાગૃત છે.

સમૌ સીટના પરાજીત ઉમેદવાર જયદિંપસિંહ શિવાજી ચાવડા પોતાના વ્યક્તિગત સ્વાર્થ ખાતર સમાજને તેમજ ધારાસભ્યને બદનામ કરવાનો પ્રયાસ કરે છે. તેમને આ વાતને વખોડી કાઢતા ઉમેર્યું હતું.

## સે-૩ સરકારી શાળાના વિદ્યાર્થીઓ આંધ્રબેંકની મુલાકાતે

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૩ સ્થિત સરકારી શાળામાં અભ્યાસ કરતા ૮૦થી વધુ વિદ્યાર્થીઓએ આજે આધ્રંબેંકની મુલાકાત લીધી હતી. બેંકની મુલાકાત દરમ્યાન બેંકની કામગીરી,સુવિધા,વ્યવસ્થાની જાણકારી મેળવી હતી. બેંકના કર્મચારીઓ હાજર રહી માહિતિ આપી હતી. વિદ્યાર્થીઓ બેંકની મુલાકાત કરીને આનંદની લાગણી અનુભવી હતી.

સામાન્ય રીતે વિદ્યાર્થીઓ બેંકીગ સેવાથી અજાણ હોય છે. વર્તમાન સમયમાં ડગલેને પગલે બેંકીગ સેવાની જરુરીયાત વર્તાય છે ત્યારે વિદ્યાર્થીઓને અભ્યાસુ વૃતિ ઉપરાંત બેંકોમાં થતા આર્થિક વ્યવહાર અને કાર્ય પધ્ધતિ સમજ કેળવાય તેવા આશયથી સેકટર ૩ સરકારી પ્રાથમિક શાળા દ્વારા વિદ્યાર્થીઓ માટે બેંકની મુલાકાતનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર સેકટર-૩ ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતા ૮૦ થી વધુ વિદ્યાથીઓએ આજે



સેકટર-૩ ખાતે આવેલી આંધ્રબેંકની મુલાકાત કરી હતી.

બેંકના કર્મચારીઓએ આવેલા બાળકોને બેંકની તમામ માહિત પુરી પાડી હતી. જેમા બેંકમાં રુપીયા કેવીરીતે મુકવા, કેવીરીતે એકાઉન્ટમાંથી રુપીયા લેવાના, એટીએમ સહિતની બ્રાંચની વિશેષ કામગીરીનીનો સમાવેશ થાય છે.જયારે બેંક દ્વારા ગ્રાહકને પુરી પાડવામાં આવતી સુવિધા, વ્યવસથા,અને કામગીરીની જીણવટભરી માહિતિ પુરી પાડી હતી. બેંકની મુલાકાત કરી વિદ્યાર્થીઓએ આનંદની લાગણી અનુભવી હતી. આ મુલાકાત પ્રસંગે બેંક કર્માચારીઓ તેમજ શાળા પરિવારનો વિદ્યાર્થીઓએ આભાર માન્યો હતો.

## સિવિલ કેમ્પસના ઓડીટોરીયમ ખાતે એચ.૧એન.૧ અંગે વર્કશોપનું આયોજન

ગાંધીનગર તા.૧૧

સિવિલ કેમ્પસ સ્થિત જીએમઈઆરએસ મેડીકલ કોલેજના હોલ ખાતે આજરોજ સ્વાઈન ફલુ અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં સ્વાઈનફલુના દર્દીઓની સારસંભાળ કેવી રીતે કરવી, જાહેર સાવચેતીની બાબતો સહિતની માહિતિ જાણીતા નિષ્ણાતો દ્વારા આપવામાં આવી હતી.આ વર્કશોપમાં રાજયભરમાંથી ડોકટર્સ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડીટોરીયમમાં બે દિવસીય સ્વાઈન ફલુના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં નિષ્ણાંત તબિબોએ માહિતી આપતા જણાવ્યું હતું કે સ્વાઈનફલુ દરેક વયજુથના વ્યકિતને અસર કરી શકે છે. કિશોરવયના યુવાનો અને ૬૫વર્ષથી વધુ વયના વૃધ્ધોને વધુ અસર કરે છે. સ્વાઈનફલુ ફેફસા,હ્રદયરોગ,લીવર,કીડની,ડાયાબીટીસના દર્દીઓને સ્વાઈન ઝડપી અસર કરે છે. જયારે વ્યકિતના શરીરમાં રોગ પ્રતિકારક શકિત ઓછી હોય તો ચેપ જલ્દી લાગે છે. ત્યારે સ્વાઈનફલુના દર્દીઓને કેવી રીતે સારવાર આપવી, કેવા પ્રકારની સારવાર આપવી, બાળદર્દીઓને કેવી સંભાળ લેવી, જાહેર સાવચેતીની બાબતો અંગે પણ માહિતિ આપી હતી. જુથચર્ચા, વેન્ટીલેટર પરના દર્દીને કેવી રીતે ટ્રીટ કરવાનું માર્ગદર્શન આપ્યું હતું. આજે આ વર્કશોપમાં ફેકલ્ટી તરીકે ડો.પરેશ દવે, ડો.નિધી સુદ,ડો આશા શાહ, ડો.મહેરીયા, ડો.ભાવના રાવલ, ડો.પ્રદીપ કુમાર હાજર રહ્યા હતા.

## કડી ફાર્મસી કોલેજ ખાતે રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટનો રીફેશર કોર્ષ યોજાશે

ગાંધીનગર શહેર સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત કડી ફાર્મસી કોલેજ ખાતે આગામીતા. ૧૨ અને ૧૩ ડિસેમ્બરના રોજ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટનો રીફેશર કોર્ષ માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સીલ અને કે.બી. ફાર્મસીના સંયુક્ત ઉપક્રમે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરની કડી ફાર્મસી કોલેજ ખાતે આ વર્કશોપ બીજીવાર યોજાઈ રહ્યો છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા ફરજીયાત રીફેશર કોર્ષનો વધુમાં વધુ ફાર્માસિસ્ટ મિત્રોને લાભ લેવા અનુરોધ કરાયો છે.

# શહેરના ચ-૫ પાસે કારે અચાનક ગુલાટી મારી

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગર શહેરના ચ-૫ માર્ગ પાસેથી સવારના સુમારે પસાર થઈ રહેલી હ્યુન્ડાઈ વરના કાર અચાનક પલટી મારી ગઈ હતી. સદ્નસીબે કારમાં સવાર કોઈપણને જાનહાની થવા પામી નથી. ગાંધીનગર શહેરના માર્ગો પર છેલ્લા બે અઠવાડીયામાં ૩ કાર પલટી ખાઈ ગઈ છે. શહેરમાં અકસ્માતોની સાથે સાથે કાર ગુલાટી ખાવાના બનાવો પણ વધુ બનવા લાગ્યા છે. આ અકસ્માતમાં પલટી ખાધેલી કારને નુકશાન થવા પામ્યું છે. જયારે કાર અચાનક પલટી જતા અકસ્માતના સ્થળે લોકોના ટોળા એકઠા થયા હતા.

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો બેફામગતિએ વાહનો હંકારતા નજરે પડે છે. શહેરના વાહનચાલકો ફુલસ્પીડે વાહનો હંકારી અન્ય વાહનચાલકોને અડચણરુપ બની રહ્યા છે. શહેરમાં પૈંડા પરની જીંદગી જોખમરુપ બની રહી છે. ત્યારે ગાંધીનગર શહેરમાં અકસ્માતોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો તેવું લાગી રહ્યું છે. નગરમાં છેલ્લા બે અઠવાડીયામાં ત્રણ બનાવ કાર પલટી જવાના બન્યા છે. જેમાં નગરના ઘ-૧ થી ગ-૧ તરફ જતી ફોર્ડ ફીગો સાંજના સુમારે ગુલાટી



મારી ગઈ હતી. જયારે બીજો બનાવ પંચદેવ મંદિર પાસે ચ માર્ગ પર બન્યો હતો. જયારે ત્રીજો બનાવ આજે ચ-૫ પાસેથી પસાર થતી હ્યુન્ડાઈ વરના કાર માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે કારના ચાલકે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર ગુલાટી મારી ગઈ હતી. સદ્નસીબે કારમાં સવારને સામાન્ય ઈજા પહોંચી હતી. કાર પલટી ખાઈ જતા કારને ભારે નુકશાન થવા પામ્યું છે. સવારના સુમારે અકસ્માત સર્જાતા મોટી સંખ્યામાં નગરજનો એકઠા થયા હતા. પરંતુ શહેરમાં કાર પલટી જવાના કિસ્સા નગરમાં દિન-પ્રતિદિન વધી રહ્યા છે. શહેરમાં ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરી બેફામગતિએ વાહનો હંકારતા વાહનચાલકો સામે પોલીસતંત્રએ લાલ આંખ કરવાની જરુર છે. નગરમાં ટ્રાફીક અવેરનેસના કાર્યક્રમ યોજાય છે. છતા પણ શિક્ષીત નગરજનોને નિયમનું પાલન કરતા નથી. શહેરમાં ધુમ સ્ટાઈલે ગાડીઓ હંકારતા અકસ્માતોના બનાવો બનતા રહે છે. નગરજનો શહેરમાં વાહનો લઈને નીકળતા પણ ડર અનુભવી રહ્યા છે.

## કોલવડાના ગોરા હનુમાન મંદિરમાં સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા.૧૧

શ્રી ૧૦૮ પ.પૂ. દ્વારકાદાસજી બાપુ તિથિ નિમિત્તે તા. ૧૫મી ડિસેમ્બરના રોજ સાંજે ૯.૦૦ કલાકે સોનીપુર રોડ, કોલવડા, શ્રી ગોરા હનુમાનજી મંદિર ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહંત રામબાલકદાસ બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ કરાશે. પ્રસાદ અને ભોજનનું આયોજન જીવાભાઈ ઓધારભાઈ દેસાઈ તેમજ ગંગાબેન જીવાભાઈ દેસાઈએ કર્યું છે. આ પ્રસંગે નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## એમ.બી. પટેલ કન્યા શાળાની ધો. ૮ની વિદ્યાર્થિનીઓએ બેન્કની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૧

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ બેન્કોની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. જેમાં ગુજરાત સ્ટેટ કો.ઓ. બેન્ક તથા ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્કની વિદ્યાર્થીનીઓએ મુલાકાત લઈ શૈક્ષણિક માહિતી મેળવી હતી. આ શૈક્ષણિક મુલાકાતમાં શાળાની ધો. ૮ની ૩૫૦થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ મુલાકાત દરમિયાન ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.ના એડીશનલ જનરલ મેનેજર પ્રકાશ કપુર તથા જીસીએસ બેન્કના મેનેજર અનિલભાઈ પટેલે તમામ વિદ્યાર્થીની બહેનોને બેન્કની કામગીરી, એટીએમ, લોકર્સ, ચેક, ખાતાના પ્રકાર અને કેશ વિભાગની માહિતી આપી હતી. આ ઉપરાંત ૫૦૦ અને ૧૦૦૦ની નોટની સાચી ઓળખ કેવી રીતે કરી શકાય તેની પણ વિદ્યાર્થીનીઓને ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોના ઉત્તર સંતોષકારક રીતે આપ્યા હતા. આ મુલાકાત દરમિયાન ગાંધીનગર નાગરિક કો.બેન્ક લિ.ના મેનેજીંગ ડીરેક્ટર મનુભાઈ પટેલ ઉપસ્થિત રહી તમામ વિદ્યાર્થીનીઓને ચોકલેટ આપી મુલાકાત બદલ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર મુલાકાતનું આયોજન શાળાના ગણિત વિષયના શિક્ષકોએ કર્યું હતું.

## ઝુંડાલ ગુરૂકુળથી લાપત્તા થયેલા ત્રણેય વિદ્યાર્થીઓ મુંબઈથી મળ્યા

### હોસ્ટેલમાંથી નીકળી ગયા બાદ મુંબઈ અને હૈદરાબાદ ફરવા માટે ત્રણેય નીકળ્યા હતા

ગાંધીનગર, તા. ૧૧

ઝુંડાલ ગુરૂકુળમાંથી લાપત્તા થઇ ગયેલા ત્રણ વિદ્યાર્થીઓના સગડ મળી ગયા છે. ત્રણેય વિદ્યાર્થીઓ ફરવા નીકળી ગયા હતા અને મુંબઈથી મળી આવ્યા છે. ત્રણેય હૈદરાબાદ જવા નીકળવાની તૈયારી કરી રહ્યા હતા. ત્રણેય બાળકોને સ્વામિનારાયણ સંસ્થાના મુંબઈના પ્રતિનિધિ ત્યાંથી પોલીસની મદદ લઈને ગાંધીનગર લઈ આવવા માટે રવાના થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

ઝુંડાલ ગુરૂકુળમાંથી ધોરણ-૬માં અભ્યાસ કરતો રીતી પુરોહીત, ધોરણ-૮માં અભ્યાસ કરતો નિરજ ત્રિપાઠી અને મૌલીક સસેજ ત્રણેય લાપત્તા થઈ જતાં વાલીઓએ અડાલજ પોલીસ મથકમાં ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવી હતી. દરમ્યાન મુંબઈથી ત્રણેય બાળકોના સગડ મળી જતા મુંબઈ પોલીસ અને નજીકની સ્વામિનારાયણ સંપ્રદાયની સંસ્થાનો સંપર્ક કરીને મુંબઈથી ત્રણેય બાળકોને ગાંધીનગર લાવવા તજવીજ શરૂ કરી છે. જમાદાર મુળજીભાઈના જણાવ્યા મુજબ સ્વામિનારાયણ સંસ્થાના મુંબઈના પ્રતિનિધિ મુંબઈથી ત્રણેય બાળકોને લઈને ગાંધીનગર લાવવા નીકળી ગયા છે. બાળકો મુંબઈ ફર્યા બાદ હૈદરાબાદ જવા રવાના થવાના હતા. ત્રણેય બાળકો મળી જતાં વાલીઓએ હાંશકારો અનુભવ્યો છે.



ગાંધીનગર શહેરના 'ઘ' માર્ગ પર એમ.એસ. બિલ્ડીંગની સામે સાંજના સુમારે રીક્ષા (નં. જીજે૧૮.એ.એક્સ.૪૯૯૧) પલટી ખાઈ ગઈ હતી. તેમાં રીક્ષાચાલકને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. રીક્ષાને ભારે નુકસાન થવા પામ્યું છે. રીક્ષાચાલકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો.


### વાહન વેચવાનું છે

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનું વાહન સ્ટાફ કાર નંબર-જીજે-૧૮-જી-૧૭૧૭ જયાં છે ત્યાં અને જેવું છે તેવી હાલતમાં વેચવાનું છે. અન્ય વિગતો નીચે મુજબ છે.

(૧) વાહન ખરીદીનું વર્ષ સને નવેમ્બર-૨૦૦૦
(૨) તળિયાની કિંમત રૂ. ૩૫,૦૦૦/-
(૩) વાહન કામકાજના દિવસોમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની 'હ' શાખા, બ્લોક નં.-૧૪, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરીને સચિવાલય કેમ્પસમાં જોઈ શકાશે.
(૪) આ અંગેના ભાવો તા. ૩૧/૧૨/૧૫ સુધીમાં બંધ કવરમાં રજી.એ.ડી.થી શ્રી ડી.એ. ઝવેરી, ઉપસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, વિભાગ બ્લોક નં.-૧૪, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગરને મળે તે રીતે મોકલવાના રહેશે. કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.
(૫) બંધ કવરો તા. ૨/૧/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.
(૬) ભાવ સ્વીકારવાની સત્તા સક્ષમ અધિકારીની રહેશે.
(૭) જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવે તે પાર્ટીએ આપેલ ભાવની રકમ તેમજ તે રકમ પર નિયત દરે વેચાણ વેરો વિભાગની રોકડ શાખામાં જાણ કરવામાં આવેથી દિન-૩માં જમા કરાવવાનો રહેશે.

(બી.એ. પંચાલ)
સેકશન અધિકારી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

માહિતી/૧૯૯૮/૧૫-૧૬

### -: અધિસુચના :-

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯
(જુઓ નિયમ ૨૬ (૯))
નગર રચના યોજના ગુડા નં. ૧૭ (ચિલોડા)

**પ્રારંભિક યોજના**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૯ની કલમ-૫૨ની પેટા કલમ (૧)ની જોગવાઈઓ અનુસાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો તા. ૧૦/૧૨/૨૦૧૫ના ગુરૂવારના રોજ જાહેર કર્યા છે.

સદરહુ કાયદાની કલમ-૫૨ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ (૯)ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-'ઠ'ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. : ૧૦/૧૨/૨૦૧૫ — નગર રચના અધિકારી
સ્થળ :- ગાંધીનગર. — નગર રચના યોજના ગુડા નં. ૧૭ (ચિલોડા)
ગાંધીનગર

**કચેરીનું સરનામું :-**
**નગર રચના અધિકારીની કચેરી,** નગર રચના યોજના ગુડા એકમ-૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૩, જુના સચિવાલય, ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૭૯૫૭

માહિતી/૨૦૦૬/૧૫-૧૬